

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

'ઓછા' ને 'પછાતરા'ને પછાડી, વરસી ગયો!
પી ગયો તમામ વરતારા વાટી, વરસી ગયો !
વરસી ગયો, મન મૂકીને, ધરતી છે પ્રસન્ન -
નદીઓ - ડેમ - તળાવો છલકાવી વરસી ગયો...

### હાઈકુ

વરસી ગઈ...
પશુ, પંખીઓ માટે
ઈશ્વર કૃપા...

ભૂંડા કે ભલા -
સૌ પર કરે કૃપા
છે કૃપાનિધિ...

### ચિંતન

*પુંસાં કિલૈકાન્તધિયાં સ્વકાનાં યાઃ સમ્પદો દિવિ ભૂમૌ રસાયામ્ ।*
*ન રાતિ યદ્દ્વેષ ઉદ્વેગ આધિર્મદઃ કલિર્વ્યસનં સંપ્રયાસઃ ॥*

ઉપરોક્ત શ્લોક ભક્તિ ચિંતામણી ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જે લોકો ભગવાનના નિજજન છે, તેમને તે સ્વર્ગ, પરમાનંદની ઉપલબ્ધિ તો થતી નથી, ઉલ્ટું દ્વેષ, ઉદ્વેગ, અભિમાન, માનસિક પીડા, કલહ, દુઃખ અને પરિશ્રમ જ મળે છે.

ભક્તિ ચિંતામણીનો આ શ્લોક કહે છે ઈશ્વર ભક્તને ગરીબ જ રાખે છે. એવો ગરીબ જે મોહ-માયાનું સાચું સ્વરુપ ઓળખે છે. ભગવાન સાત ભવનનો માલિક ચે તે ધારે તો ભક્તિને સમૃદ્ધિવાન બનાવી શકે પણ એ જાણે છે. સત્તા અને સમૃદ્ધિ આવતાં માણસ બહેકી જાય છે. માટે તેને ગરીબીની જ્ઞાનની દોરીમાં જ બાંધી રાખે છે.

### સુવિચાર

- ઉપાધિ ઘટાડે, એનું નામ અક્કલ - **આપ્તસૂત્ર**
- સંતોષનો ખરો અર્થ જ સમતૃષ્ણા - **દાદા ભગવાન**
- વાણી સ્નેહાત્મક, શાસ્ત્રાત્મક, પ્રિયાત્મક અને સૂત્રાત્મક હોવી જોઈએ - **મોરારિ બાપુ**
- યૌવન, ધનસંપત્તિ, સત્તા અને અવિવેકીપણું આ એકએક વસ્તુ પણ માણસને અનર્થકારક થાય છે, તો પછી જયાં આ ચારે વસ્તુ ભેગી મળી હોય, તેનું તો કહેવું જ શું ? - **અનમોલ સુભાષિત**
- ચેતનાને શરીર-ભાવમાંથી અલગ પાડી નાખવી અને મુક્ત કરી લેવી આ યોગમાં અનિવાર્ય છે - **અરવિંદ**
- સૂકા સરોવરને હંસ જેમ છોડી દે છે, તેમ ધન પણ દુર્ગુણીને છોડી દે છે. ધન પણ સુપાત્ર પાસે જાય છે - **વિદૂર**
- આજનું ઔષધ : ગળોના ઉકાળામાં મધ અને લીંડી પીપરનું ચૂર્ણ ઉમેરીને પીવાથી તાવ મટે છે

**(સંકલન : દિપક વી આશરા)**

### બોધકથા

ઈમામ ધિઝાલી સંત હતા. આખો દિવસ કંઈક કામ કરતા રહેતા સાથે નમાઝ પણ અદા કરતા. રાત્રે ભોજન બાદ નાનકડો દીવો કરી તેના પ્રકાશમાં કુરાન વાંચતા. એક વાર મોડી રાત્રે કુરાન વાંચીને સુતા. અને ઊંઘમાં સ્વપ્નમાં ખુદાના ફરિસ્તા આવ્યા. તેમણે ઈમામને કહ્યું, 'આપ તો ખુદાના નેક બંદા છો, ખુદાના નેક બંધા છો, ખુદાની બંદગી કરો છો... મોડી રાત સુધી કુરાનનું વાંચન કરો છો. આજે અમે આપની ઉપર ખૂબ ખુશ છીએ. હવે તમારે મોડે સુધી વાંચન નહિ કરવું પડે. કાલે સવારે આ એક પડીકીમાં દવા આપી છે. તે પાણીમાં નાખીને પી જજો. તમને કુરાનનો અર્થ સમજાઈ જશે અને તમને જ્ઞાનમાં વધારો થશે.' બીજે દિવસે સવારે સંત ઉઠ્યા સ્વપ્ન સાચું હતું. પથારીની બાજુમાં એક પડીકી પડી હતી. સંતે ફરિશ્તાનો આભાર માન્યો. પણ તે પડીકી એમણે એમ જ રહેવા દીધી. પીધી નહીં. પોતાના રોજના કામે લાગી ગયા. નમાઝ અદા કરી. રાત્રે ભોજન બાદ દીવો કરી કુરાનનો અભ્યાસ કરવા બેઠા એવામાં પેલા ફરિશ્તા ફરી આવ્યા અને પૂછ્યું, 'ઈમામ સાહેબ, આપને પેલી પડીકી પાણીમાં નાખીને પી જવાનું કહ્યું હતું, તેમ કરવાથી તમને કુરાનનો સંપૂર્ણ અર્થ કંઠસ્થ થઈ જશે. અને કોઈ વાંચનની જરૂર રહેશે નહિ. અને આમ મોડી રાત સુધી આંખોને શ્રમ આપવો પડશે નહિ. ચાલો... ખુદા એ કહ્યું છે... આ પડીકી હમણાં જ પાણીમાં નાખી ને પી જાવ... ' ઈમામે પડીકી ફરિશ્તાને પાછી આપતા કહ્યું, 'મારે મહેનત વિના કંઈ જોઈતું નથી. અને સાચું જ્ઞાન તો જાતમહેનતથી જ મળે છે. મારા પર મહેર કરવી જ હોય તો એટલી કરો કે વાંચન કરતાં અને કામ કરતાં હું કયારેય થાકું નહિ... મારા આ નાના દીવામાંથી મને વધુ તેજ મળે કે જેથી મારા કોઈ નિયમ કયારેય ન તૂટે.'

# વિક્રમ સારાભાઈની જન્મશતાબ્દીએ વંદન

**તંત્રીસ્થાનેથી...**

ભારતને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે અગ્રિમ ભૂમિકામાં મૂકવાનું શ્રેય ગુજરાતના જ પનોતા પુત્ર વિક્રમ સારાભાઈને જાય છે. એક અતિ ધનાઢ્ય પરિવારનું સંતાન હોવા છતાં બાળવયથી જ એમણે વૈજ્ઞાનિક સંશોધનોમાં રસ પડવા લાગ્યો તે પણ કેવું આશ્ચર્ય ! સામાન્ય રીતે મોંમાં ચાંદીની ચમચી સાથે અવતરેલા બાળકો બચપણથી જ વૈભવવિલાસની પ્રવૃત્તિઓમાં વળી જતાં હોય છે એને ઠેકાણે વિક્રમ નામના આઠ વર્ષના બાળકે ટોય ટ્રેન બનાવી જે આજે પણ જોઈ શકાય છે. અંબાલાલ સારાભાઈ દેશના અગ્રણી ઉદ્યોગપતિ ઉપરાંત આઝાદીના ચળવળના પ્રખર સમર્થક હતા. ગાંધીજીના આશ્રમમાં હરિજન કુટુંબ રહે છે એ જાણીને નિયમિત ફંડફાળો આપતા સવર્ણ શ્રેષ્ઠી મહાજનોનું મોઢું ફેરવી લીધું ત્યારે રાતના અંધારામાં પોતાની મોટરમાં આવી ચૂપચાપ બાર હજાર જેવી તે સમયની માતબર રકમ ગાંધીજીને પહોંચાડનાર અંબાલાલ સારાભાઈનું ઘર દેશપ્રેમીઓની અવરજવરનું એપીસેન્ટર બની ગયેલું જેનો લાભ બાળ વિક્રમને પણ મળતો રહ્યો ! મહાન નોબેલ પારિતોષિક વિજેતા સી.વી. રામનના માર્ગદર્શન હેઠળ વિક્રમ સારાભાઈએ ડોક્ટરેટ માટેનો શોધનિબંધ તૈયાર કર્યો હતો ને પાછળથી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચેલા એપીજે અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિકને એમણે જ વિદ્યાર્થી તરીકે ઊંચકી પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. 'ઈસરો' એ માત્ર ૨૮ વર્ષની વયે વિક્રમસારાભાઈએ સેવેલું સપનું હતું જે આજે વિશ્વની ટોચની સ્પેસ રિસર્ચ સંસ્થા તરીકે ગુજરાત અને દેશ માટે ગૌરવની ઘટના બની ચૂકેલ છે. રશિયાએ સ્પુટનિક છોડ્યું ત્યારે વિક્રમ સારાભાઈએ ભારત પણ રૉકેટ યુગમાં પ્રવેશ કરવા સક્ષમ છે એ સિદ્ધ કરી બતાવી કેરળના થુમ્બા મથકેથી રૉકેટ ઉડાડ્યું હતું. એમણે તે સમયે કહ્યું હતું કે ભારત પણ ચંદ્ર પર જઈ શકે તેમ છે. ચંદ્ર - મંગળની અંતરીક્ષ યાત્રાનું એમનું સપનું એમના શતાબ્દીવર્ષમાં જ સાચું પડી રહ્યું છે એથી મોટી અંજલી આ મહાન વૈજ્ઞાનિકને બીજી કઈ હોઈ શકે? ચંદ્ર ઉપરના એક ખાડાને એમનું નામ આપીને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સંશોધન પ્રતિષ્ઠાને એમની કદર કરી જ છે. ભારત સરકારે પણ એમણે મરણોત્તર પદ્મવિભૂષણ જેવા સન્માનથી નવાજ્યા હતા. વિક્રમ સારાભાઈ ફક્ત બાવન વર્ષની વયે વિદાય ન થઈ ગયા હોત તો કદાચ ભારત ઘણું વહેલું ચંદ્ર-મંગળ પર પહોંચ્યું હોત ! પોતે પ્રખર વૈજ્ઞાનિક અને પિતા વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ, પરંતુ વિક્રમ સારાભાઈએ લગ્ન કર્યાં દક્ષિણ ભારતનાં નૃત્યાંગના મૃણાલિની સારાભાઈ સાથે. એમની પુત્રી મલ્લિકાએ પણ રંગભૂમિ, સિનેમા અને સાંસ્કૃતિક ક્ષેત્રે મોટું ગજું કાઢ્યું છે. દર્પણ સંસ્થા મારફત કંઈ કેટલાય કલાકારો ગુજરાતી રંગભૂમિને મળ્યા છે. પુત્ર કાર્તિકેય વિવિધ વિદ્યાસંસ્થાઓ અને સંશોધનકેન્દ્રો સંભાળે છે. ભારતને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઊંચકનાર ગરવા ગુજરાતીને એમના શતાબ્દી પર્વના પ્રારંભે શત શત નમન. કમનસીબે આપણે રાજકારણીઓને અને ફિલ્મી નટનટીઓ તથા ક્રિકેટરોને પૂજનારી પ્રજા બની ગયા છીએ. ખરેખર તો કાલજયી કીર્તિ ધરાવતા વૈજ્ઞાનિકો, મનીષીઓ અને સર્જકોને સૌથી આગળની હરોળમાં બેસાડવા જોઈએ. વૈજ્ઞાનિકો તો એમનું કામ ચુપચાપ, કશાય શોરબરોર વગર કર્યે રાખે છે. એમને પબ્લિસિટીનો મોહ નથી હોતો. આવા તપસ્વીઓ તે આપણી સાચી સંપદા છે.

# કલાના સ્વરુપો નિહાળવાનો અવસર મળે ત્યારે અજવાળા રેલાય



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'આ ચિત્ર પ્રદર્શનની વાત આવી ત્યારે મને થયું કે, ખુબ સારી વાત છે, પણ જસ્મીનનું ચિત્ર પ્રદર્શન આટલું મોડું કેમ યોજાય છે ? પણ આનંદ છે આખરે થયું. ભાઈ, જન્મીને નેચરને અનોખી રીતે એકેલીક રંગની મદદથી કેનવાસ પર ઉતાર્યું છે. અહીં ચિત્રો દ્વારા વાસ્તવમાં સાકાર થાય છે 'જર્ની થ્રુ નેચર'.'

અમદાવાદ સ્થિત, અમદાવાદની ગુફા તરીકે જાણીતા સ્થળે કલાકાર જસ્મીન દવે દ્વારા રચાયેલા ચિત્રોનું પ્રદર્શન યોજાયું ત્યારે પ્રસિદ્ધ અને વરિષ્ઠ ચિત્રકાર નટુભાઈ મિસ્ત્રીએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

ચિત્રકલા માનવ સભ્યતાના આરંભિકકાળથી જ માનવ સાથે અભિવ્યક્તિના માધ્યમ રૂપે જોડાયેલી રહી છે. જેનામાં ચિત્રની સૂઝ હોય, એ વ્યક્તિ કશુંક જુએ, કશુંક એની કલ્પનામાં આવે અને પછી એ રંગ-પીંછી કે અન્ય માધ્યમોથી હસ્તકલા દ્વારા કાગળ-કેનવાલ પર ઉતારે, અને સર્જાય યાદગાર ચિત્રો...

જસ્મીન દવેનું મૂળ વતન ભાવનગર - અભ્યાસ અમદાવાદની સી.એન. ફાઈન આર્ટસ કૉલેજમાંથી કર્યો. અમદાવાદના અખબારોમાં કામ કર્યું અને પછીથી રાજયના માહિતી ખાતામાં આર્ટીસ્ટ તરીકે કાર્ય કર્યું છે. ભવિષ્યમાં અલગ અલગ થીમ ઉપર આધારિત ચિત્રોની શ્રેણી દોરવાનું એનું સ્વપ્ન છે. પત્ની દિપાલી અને દીકરી રુદ્રીના અનન્ય સપોર્ટ સાથે મારી આ પ્રદર્શન સુધીની યાત્રા થઈ છે. એમ કહીને એ રાજય સરકારના એના અધિકારીઓ - મિત્રો - પરિવારજનો અને ચિત્રકાર મિત્રોએ હંમેશા મને પ્રેરણા આપી છે, પ્રોત્સાહિત કર્યો છે એમ ઉમેરે છે.

ચિત્રકલા હોય કે અન્ય કોઈ પણ કલા સ્વરુપ હોય, એ એના સર્જકને તો આનંદ આપે જ છે, સાથે સાથે એને માણનારને પણ આનંદ આપે છે. અહીં ચિત્ર પ્રદર્શન નિહાળનાર, તસ્વીરો લેનાર અને અભિવ્યક્તિ આપનાર દરેકના ચહેરા પર આ ચિત્રો નિહાળીને આનંદનો અનુભવ જણાતો હતો એ જ આ પ્રદર્શનની સાર્થકતા હતી.

જસ્મીન દવેએ અહીં રજૂ કરેલો ચિત્રોમાં પંચ મહાભૂતને, પ્રકૃતિને, નગરને, માનવ મનને, યોગધ્યાન કે આસનોને પોતાની કલા વડે અભિવ્યક્ત કર્યા છે. શરીરના મૂલાધારથી સહસ્રાધાર સુધીની યોગની સાત ચક્રોની યાત્રાને સુંદર રીતે આ ચિત્રોમાં કંડારી છે.

ચિત્રોમાં અભિવ્યક્તિ થઈ છે માનવ મનની સંવેદનાઓ, પ્રકૃતિ અને પર્યાવરણના પ્રશ્નોને પામીને એને સાચવવાનો સંદેશ, ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિકતા અને કયાંક કયાંક અમદાવાદની પોળનું કલ્ચર...

આખરે પંચ તત્વ અને એમાંથી બનતું શરીર... એનો સમય આવે ફરી એ જ પંચતત્ત્વમાં વિલિન થવાનું છે એ વાત અહીં રંગો અને પીંછીના માધ્યમથી બહુ જ અસરકારક રીતે અભિવ્યક્ત થતી જોવા મળે છે.

ચિત્રકલા નિહાળવા આવનારા વિવિધ વર્ગના - વિવિધ ઉંમરના લોકોમાં ચિત્રકલાની સાહજિક અને સીધી સાધી સમજ હતી અને પરિણામે વિશેષ આનંદદાયી બની રહેતી હતી જર્ની થ્રુ નેચર ચિત્રોની યાત્રા.

જસ્મીન દવેને ૨૦૧૭ના વર્ષમાં રાજય સરકારની લલિતકલા એકેડમીનો એવોર્ડ પણ મળ્યો છે. અને ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા તેમનું સન્માન પણ કરાયું છે.

માણસની અંદર પડેલી કોઈ પણ કલા પ્રતિભા યોગ્ય સમયે બહાર આવે જ છે અને એ રોજિંદા કાર્યોમાંથી સમય કાઢીને કાંઈક વિશેષ - કાંઈક અનોખું - કાંઈક એવું સર્જન કે આયોજન કરવા પ્રેરાય છે. જે એના માટે વિશેષ સ્મરણીય બની રહે છે. માહિતીખાતાની સેવાઓમાં અવિરત કાર્યરત રહેનાર જસ્મીને પણ આખરે આવો સમય શોધ્યો... માત્ર ૨૨ દિવસના સમયમાં દિવસ-રાત એક કરીને અર્જુનની આંખની જેમ, એક બક્ષિતા સાથે ચિત્રો દોર્યા.. અંતે એના ચિત્રોનું પ્રથમ સોલો ચિત્ર પ્રદર્શન યોજાયું... ગુણીજનોના આશીર્વાદ મળ્યા. પરિવારને સ્વજનોનો પ્રેમ મળ્યો અને જાણીતા - અજાણ્યા કલા ચાહકોને આવીને એની ચિત્રકલા બિરદાવી.

જસ્મીન કહે છે, 'મારા ચિત્રો દ્વારા પ્રકૃતિ અને પર્યાવરણની સુરક્ષા માટે જાગૃત થવાનો સંદેશ પણ આપ્યો છે.' આવી રીતે જયારે જયારે કલાના સ્વરુપો નિહાળવાનો અવસર મળે ત્યારે કલાના અજવાળા રેલાય છે.

# સંસ્કૃત દિવસ પર કાશ્મીરના સંસ્કૃત લેખકોની વાત માંડીએ...



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

ઋગ્વેદના નદી સૂક્તમાં 'વિતસ્તા' નદીની વાત આવે છે, જે અત્યારની કશ્મીરની જેલમ છે.

બ્રહ્માના પુત્ર મરીચી અને તેમના પુત્ર કશ્યપ ઋષિએ વરાહ મૌલા (બારામુલા) પર્વતને કાપીને ત્યાં પ્રદેશ રચ્યો કાશ્મીર - 'શીમીરા' એટલે અવ્યવસ્થિત પાણી વાળી ભૂમિ.

કાશ્મીરના મહાન સંસ્કૃત વિદ્વાન અને ઈતિહાસકાર 'કલ્હણ'ની રાજતરંગિણીના અધ્યયન વિના કાશ્મીરના અસ્તિત્વને સમજી શકાય તેમ નથી જ નથી. રાજતરંગિણી એટલે રાજાઓની નદી. ભાવાર્થ એવો હતો કે રાજાઓને ઈતિહાસ સમય પ્રવાહ. કવિતાના રૂપમાં કશ્મીરનો આખો ઈતિહાસ આમા વર્ણિત છે.

રાજતરંગિણીમાં કુલ આઠ તરંગ છે. જેના પહેલા તરંગમાં કહેવામાં આવ્યું છે કે, પાંડવોના સૌથી નાના ભાઈ સહદેવે આ રાજયની સ્થાપના કરી હતી. આ 'કાશ્યપ - મેરુ' નગરી - કે જે કશ્મીરમાં પરિવર્તિત થઈ તેમાં પહેલા વૈદિક ધર્મ જ પ્રચલનમાં હતો, ત્યારબાદ ૨૭૩ ઈ.સ. પૂર્વે કાશ્મીરમાં બૌદ્ધ ધર્મનું આગમન થયું.

સૌ પ્રથમ કશ્યપ ઋષિએ આ સ્થળ જયારે સુમસાન બનવા લાગ્યું હતું ત્યારે બ્રાહ્મણોને ત્યાં વસવા માટે સૂચન કર્યું, કે જેઓ કાશ્મીરી પંડિત કહેવાયા.

તેવી જ રીતે ૧૪મી સદીમાં હિન્દુ રાજા 'જમ્બુ લોચાન' મૃગયા માટે 'તાવી' નદીના કિનારા સુધી પહોંચી ગયા, જયાં તેમણે સિંહ અને બકરી બંનેને એક સાથે પાણી પીતા જોયા, અને આથી જ તેમણે ત્યાં નગર વસાવવાનો નિર્ણય લીધો, જે નગર 'જમ્બુ' ના નામે ઓળખાતું થયું. કાળક્રમે તે 'જમ્મુ' પ્રદેશ નામે પ્રચલિત થયું.

પરંતુ આપણે વાત કરવી છે સંસ્કૃત ઈતિહાસકાર કલ્હણની કે જેમણે 'રાજતરંગિણી'માં સંપૂર્ણ તટસ્થ રીતે કાશ્મીરનો ઈતિહાસ કાવ્યાત્મક અને રસાળ શૈલીમાં લખ્યો છે. ૧૯મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં ઔરેલસ્ટીન એ ગોવિન્દ કૌલ સાથે મળીને આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો.

'રાજતરંગિણી' માં આપવામાં આવેલ વિગતોની પુષ્ટિ ભારતીય પુરાણોમાં ઉલ્લિખિત વિગતો સાથે મેળ ખાય છે. પરંતુ કમનસીબે ભારતના ઈતિહાસ લેખનમાં આ પુસ્તકનો કોઈ સહયોગ લેવામાં ન આવ્યો. અપિતુ 'ફલીટ' વગેરે ઈતિહાસકારોએ તો આમા વર્ણવેલા તથ્યોને અપ્રમાણિક સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો.

'રાજતરંગિણી' માં કાશ્મીરનો ઈતિહાસ મહાભારત યુદ્ધ (૩૧૩૮ ઈ.પૂ.) થી ૩૧૨ વર્ષ પર્વે, એટલે કે ૩૪૫૦ ઈ.સ.પૂ. થી લઈને ઈ.સ. ૧૧૪૮ (રાજતરંગિણી)ના રચના સમય સુધીનો સમાવિષ્ટ છે. આ રીતે કાશ્મીરનો ઈતિહાસ ૫૪૦૦ વર્ષોથી પણ અધિક જૂનો છે.

કશ્મીરનો પ્રથમ રાજા ગોનંદ પ્રથમ મગધ નરેશ 'જરાસંઘ' ના પરિવારનો સગો હતો. જે કૃષ્ણના મોટાભાઈ બલરામ દ્વારા મરાયો હતો. તેનો પુત્ર દામોદર ત્યારબાદ ત્યાંનો રાજા બન્યો. જેને કૃષ્ણની સેનાએ મારી નાખ્યો, શ્રીકૃષ્ણએ ત્યારબાદ તેની પત્ની યશોમતીને છ મહીના માટે શાસિકા બનાવી. તેનો પુત્ર ગોનંદ દ્વિતીય તે પ્રદેશનો શાસક બન્યો.

ઈસા પૂર્વ ૩૦૮૩માં હસ્તિનાપુરના રાજા પરીક્ષિતે તેને એક લડાઈમાં હરાવ્યા બાદ ગોનંદનો કોઈ ઉત્તરાધિકારી ન હોવાના કારણે પરીક્ષિતે રાજયને પોતાના અધિકારમાં લઈ લીધું. હરદેવદેવને રાજા નીમીને વર્ષો સુધી રાજય ચલાવ્યું.

ઈતિહાસ સંશોધક પં. કોટાવેંકટચલમ (૧૮૮૫-૧૯૫૯) એ કશ્મીર વંશાવલી પર ઘણી ચર્ચા કરી છે, અને 'રાજતરંગિણી' નો આધાર લઈને કાશ્મીરના વિભિન્ન રાજવંશોની રાજાઓની ક્રમાનુસાર યાદી 'ક્રોનોલોજી ઓફ કાશ્મીર હિસ્ટ્રી રિકન્સટ્રેકટેડ' નામના પુસ્તકના પૃ. ૯૦ થી ૧૦૧માં આપવામાં આવી છે.

કલ્હણ પછી 'જોનરાજ' નામક એક ૧૫મી સદીમાં થઈ ગયેલા સંસ્કૃત કવિએ પણ 'દ્વિતીય રાજતરંગિણી' લખી છે. જેમાં કલ્હણે લખેલા ઈ.સ. ૧૧૪૯ સુધીના વૃત્તાંતને યથાતથ રાખ્યા પછી ત્યારથી લઈને ઈ.સ. ૧૪૫૯ સુધી પોતાના સમકાલીન સુલ્તાન જૈન-ઉલ-અબિદીન (બુડ શાહ) સુધીના રાજાઓનું વર્ણન કર્યું છે.

કલ્હણે 'રાજતરંગિણી' માં કુલ ૧૩૬ રાજાઓની વંશાવલી સૂચિ તૈયાર કરી હતી તેને જોનરાજે આગળ ધપાવી.

આ તો વળી અયોધ્યા મંદિર સુનાવણી કેસ દરમિયાન નામદાર કોર્ટે રામના વંશજ વિશે પ્રશ્ન કર્યા, એટલે થયું કે ચાલો ભવિષ્યમાં વળી અહીં માટે કોઈ પ્રશ્નો ઊભા કરે એ પહેલા જ શંકાનું નિર્મૂલન કરી દઈએ.

હવે કાશ્મીરનાં આપણા સંસ્કૃત વિદ્વાનો વિશે જાણી લઈએ. લગધ (ઈ.સ. પૂર્વે ૧૪૦૦ થી ૧૨૦૦ વચ્ચે) જેમણે વેદાંગ જયોતિષની રચના કરી.

(૨) ચરક (ઈ.સ. પૂર્વે ૩૦૦) આયુર્વેદના મહાન સૂત્રધાર (૩) વિષ્ણુશર્મા (ઈ.સ. પૂર્વે ૩૦૦) પંચતંત્રના રચયિતા (૪) નાગસેન (ઈ.સ.પૂર્વે. ૨૦૦) બૌદ્ધદર્શનના પ્રકાંડ પંડિત (૫) જયજત્ત (પાંચમી સદી) સુશ્રુત સંહિતા પર ભાષ્ય લખનાર (૬) વાગ્ભટ્ટ (સાતમી સદી) આયુર્વેદના ત્રણ સ્તંભ માંના એક - ચરક સુશ્રુત અને વાગ્ભટ્ટની ત્રિવેણી. (૭) ભામહ (સાતમી સદી). (૮) રવિગુપ્ત (૭૦૦-૭૨૫) બૌદ્ધ દાર્શનિક . (૯) આનંદવર્ધન (૧૦) વસુગુપ્ત (૧૧) સોમનંદ, (૧૨) રુદ્રટ (૯મી સદી) 'કાવ્યાલંકાર'નાં રચયિતા (૧૩) જયંતા ભટ્ટ (૯મી સદી) 'આગમાડંબરા' નામક ન્યાય આધારીત મીમાંસા આધારિત ગ્રંથના રચયિતા. (૧૪) 'મેધાતીથિ' (૯મી કે ૧૦મી સદી) 'મનુસ્મૃતિ' ની અદ્ભૂદ ટીકા લખનાર (૧૫) ઉત્પલવેદ (૯૦૦ થી ૯૫૦) શૈવતાંત્રિક 'પ્રત્યભિજ્ઞા' સ્કૂલના ટીચર (૧૬) અભિનવગુપ્ત (૯૫૦-૧૦૨૦) 'અભિનવભારતી' - નાટ્યશાસ્ત્ર ઉપરની ટીકાના રચયિતા (૧૭) ઉત્પલ (૧૦મી સદી) ગણિતજ્ઞ (૧૮) ક્ષેમેન્દ્ર (૯૯૦ થી ૧૦૭૦)

**અનુસંધાન પાના નં ૭ પર**

**બાળપણથી લઈને આજ પર્યન્ત સુધીનું જીવન જનસામાન્ય વચ્ચે રહીને વિકાસને સમર્પિત રહ્યું છે એવા**

# સંવેદનશીલ નીડર લીડરની નિર્ણાયતાની કહાની...



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કોઈપણ શાસન પ્રણાલીના પાયામાં સમાજના તમામ વર્ગોનો સહિયારો વિકાસ અને પ્રગતિને પ્રાધાન્ય હોય છે. આ પ્રકારની શાસન વ્યવસ્થા દ્વારા જનજનની પ્રગતિના ઉદ્દેશને સિદ્ધ કરી શકાય તો એવી શાસન વ્યવસ્થાને



સ્વાભાવિક રીતે જ સર્વસ્વિકૃતિ મળે છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની પ્રગતિશીલ ગુજરાતની પ્રણેતા એવી 'ટીમ ગુજરાતે' છેલ્લા ૩ વર્ષમાં સંકલ્પથી સિદ્ધિની જનજનને પ્રતીતિ કરાવી છે. ૨૧મી સદીમાં ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટે પ્રગતિશીલતાને વરેલી ટીમ ગુજરાતની છેલ્લા ૩ વર્ષની વિકાસયાત્રાનું આકલન એક રસપ્રદ વિષય બની રહે છે.

ઓગસ્ટ તા. ૭, ૨૦૧૬ના દિવસે ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી તરીકે શ્રી નીતિનભાઈ પટેલે શપથ લઈને ગુજરાતના વિકાસ માટેની શાસનધુરા સંભાળી. ૨૪-૨૪ વર્ષથી ગુજરાતમાં એક જ પક્ષના સુશાનને ગુજરાતની જનતાએ સ્વીકાર્યું છે. ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટેની નક્કર પરિભાષા અંકિત થઈ છે. વિકાસ ઉપરના વિશ્વાસની આ કડીને શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની પ્રગતિશીલ ગુજરાતના મંત્રને વરેલી ટીમ ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી આગળ ધપાવી રહી છે. ત્રણ વર્ષના સમયગાળાના અંતે જનહિત માટે શું કર્યું એનું આકલન અને આગામી સમયમાં ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટે શું કરવાનું છે ? એના રોડમેપનું સરવૈયું કરવાનો આ સમય છે. પારદર્શકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર આધારસ્તંભોના આધારે ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટેની પ્રતિબદ્ધતા સાથે છેલ્લા ત્રણ વર્ષોથી ગુજરાતના વિકાસની કૂચ જારી છે.

નિર્ણાયકતા વ્યક્તિની સૌથી મોટી મૂડી છે. ત્રણ વર્ષમાં શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે ૬૦૦ જેટલાં જનહિતલક્ષી નિર્ણયો કર્યા છે. તેમના દરેક નિર્ણયના કેન્દ્રમાં લોકો છે અને નિર્ણયોનું અમલીકરણ કરવા માટે 'ફાસ્ટ ટ્રેક ગવર્નન્સ'ની જનજનને અનુભૂતિ થઈ રહી છે. પ્રત્યેક નિર્ણયોમાં લોકોને સાથે રાખીને લોકોના વિકાસ માટે પરિણામલક્ષી અમલીકરણ થયું છે.

મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત'ના છેલ્લા ત્રણ વર્ષો રાજ્યની વિકાસયાત્રાના મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન સમા બન્યા છે. ગુજરાતના વિકાસ સામર્થ્યની પારદર્શક વહીવટ દ્વારા સંવેદનશીલતાપૂર્વક લેવામાં આવેલા ફટાફટ અને સટાસટ નિર્ણયો દ્વારા પ્રગતિશીલતાની પરાકાષ્ઠા સર્જાઈ છે. ત્રણ વર્ષોમાં જનસામાન્યના વિકાસ માટેની અનેક નવતર પહેલનું સાક્ષી ગુજરાત બન્યું છે. સુજલામ સુફલામ જળ અભિયાન દ્વારા જળસંચય, જળસંવર્ધન અને જળવિતરણ માટેનો જનશક્તિને પ્રેરિત કરીને અનોખો પરિશ્રમ યજ્ઞ ગુજરાતે દેશ અને દુનિયાને બતાવ્યો છે. સેવાસેતુના માધ્યમથી ૧.૬૫ કરોડ ઉપરાંત લોકોના પ્રશ્નો અને મુશ્કેલીઓ તેમના દ્વારે જઈને ઉકેલવામાં આવી છે. ઊર્જા ઉત્પાદન અને સંવર્ધન ક્ષેત્રે ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષમાં કાઠુ કાઢ્યું છે. શહેરો અને ગામોના સમતોલ વિકાસની પરિભાષા ગુજરાતમાં અંકિત થઈ છે. ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વંચિતો, વનબંધુઓ સમાજના તમામ લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવાના સમુચિત પ્રયાસો 'ટીમ ગુજરાત'ના પરિણામલક્ષી નિર્ણયોને કારણે શક્ય બન્યું છે.

શ્રી વિજયભાઈ રૂપાણી એટલે સરળતા, સંવેદનશીલતા, સેવા અને સહજતા જેવા ઋજુ ગુણોથી શોભતું સૌમ્ય વ્યક્તિત્વ... તેની સાથો સાથ જ નિર્ણાયકતા, નિડરતા, પરિશ્રમની પરાકાષ્ટા અને દઢ મનોબળ જેવી નક્કર લાક્ષણિક્તાઓના પીંડથી ઘડાયેલું વ્યક્તિત્વ...! સરળતા અને સંવેદનશીલતાની સાથે દઢતા અને નિર્ભિક્તાનો સમન્વય ભાગ્યે જ જોવા મળે છે. શ્રી વિજયભાઈ આવા વિરલ સમન્વય સાથે તેમના નામને પણ સાર્થક કરી રહ્યા છે. ''વિજય'' સ્વયંમનો નહીં સૌનો... ગુજરાત અને ગુજરાતની જનતાના વિકાસ અને વિજયનો ભેખ ધરીને સૌના સાથ સાથે સૌના વિકાસ અને સૌના વિશ્વાસ સાથે સૌના વિકાસનો માર્ગ શ્રી વિજયભાઈ રૂપાણી પ્રશસ્ત કરી રહ્યા છે. શ્રી વિજયભાઈ રૂપાણીનું ચાર દાયકા ઉપરાંતનું જાહેર જીવન સંગઠન, સમર્પણ, સેવા અને કર્મઠતાની સાધના સમાન રહ્યું છે. ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે એમણે શપથ લઈને સૌથી પહેલાં જે વિચાર વ્યક્ત કર્યો હતો એમાં જણાવ્યું હતું કે, 'હું આજે જે ખુરશી પર બેસી રહ્યો છું એ ખુરશી ક્યારેય મારી ઉપર નહીં બેસે.'

જાહેર જીવનના પ્રારંભકાળથી જ સમૂહભાવના અને મૈત્રીભાવ સાથે કામ કરીને સાથીઓનો સૌથી પહેલો વિચાર કરવાનો તેમનો અભિગમ આજે પણ એટલો જ બરકરાર છે. તેમની આજ કાર્યશૈલીને કારણે આજે ગુજરાત સરકાર 'ટીમ ગુજરાત' તરીકે ઉભરી આવીને ગુજરાતના ખૂણેખૂણામાં વસતા જનજનના વિકાસ માટે સતત અને સઘન પરિશ્રમ કરી રહી છે. ૭ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ગુજરાતનું નેતૃત્વ મુખ્ય મંત્રી તરીકે સંભાળ્યું ત્યારથી આજ પર્યંત તેમનો ત્રણ વર્ષનો કાર્યકાળ દર્શાવી રહ્યો છે કે, તેમણે મુખ્ય મંત્રીના પદને સત્તા નહીં બલ્કે જનતાની સેવા કરવાનું માધ્યમ બનાવ્યું છે. રાજ્યના વિકાસ માટે અને જનહિત માટે પ્રશાસકીય વ્યવસ્થાને અને સમગ્ર તંત્રને સંપૂર્ણ શક્તિથી જનહિતના કાર્યો માટે પ્રેરીત કરવા પ્રગતિશીલતા, સંવેદનશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના મૂલ્યો આધારીત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસયાત્રા વધુ સુદઢ બનાવી છે.

પ્રશાસનને જીવંત રાખી પ્રગતિશીલતાના આ આધારસ્તંભો દ્વારા ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણનો પાયો મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની જનહિતને સમર્પિત સરકારે નાખ્યો છે. આજે ગુજરાતના અદ્વિતીય વિકાસની આગવી ઓળખ ઊભી થઈ છે. વ્યક્તિગત જીવન હોય કે સામૂહિક જીવન, જીવનનો ઉદ્દેશ ગતિ નહિં ઊર્ધ્વગામી પ્રગતિ હોય છે. સંવેદનશીલતા માનવીય જીવનને માયાળુ સ્પર્શ આપીને તેના પ્રભાવક પરિણામો આપે છે. એક નીડર લીડરનું મહત્વનું લક્ષણ સૌમ્યતાસભર નિર્ણાયકતાનું છે. સંવેદનશીલતાપૂર્વક જનહિતના નિર્ણયો રૂપાણી સરકારની પહેચાન બની ગઈ છે. પારદર્શિતા સાથે વિશ્વસનિયતાપૂર્વક ગુજરાતના વિકાસને રૂંધતા તત્વોને દૂર રાખવાની તેમની દ્રઢતાપૂર્વકની કાર્યશૈલીની અનુભૂતિ સૌ કોઈને થઈ રહી છે.

એક સાધારણ પરિવારમાં જન્મેલા શ્રી વિજયભાઈએ તેમનું પ્રાથમિક શિક્ષણ મ્યુનિસિપલ શાળામાં લીધું છે. બાળપણમાં શિશુ સ્વયંસેવક તરીકે સેવા અને સમર્પણના સંસ્કારોથી તે ઘડાયા છે. સ્વામી વિવેકાનંદજીને તેમણે ન માત્ર વાંચ્યા જ છે બલ્કે એમના વિચારોને બરાબર પચાવ્યા પણ છે. સમાજની સમસ્યા અને પીડિતોની વેદનાને એમણે સૂપેરે અનુભવી. તેમના જીવનમાં બાળપણથી સંવેદનશીલતાના સદગુણોના મૂલ્યો ખીલ્યા છે. યુવા વયે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની તેમણે આગેવાની લીધી હતી. નવનિર્માણ જેવા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનોના નેતૃત્વની બાગડોર તેમણે

**અનુસંધાન પાના નં ૭ પર**